આનંદીબેન પટેલ માટે '૨૧'નો આંકડો શુકનિયાળ

જન્મથી લઈ મુખ્યમંત્રી પદ સુધીની સફરમાં ૨૧નો આંકડો અનોખો સમન્વય

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત રાજયના ૧૫માં અને પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના જીવનકાળમાં ૨૧નો ક્રમ અદભૂત મહત્વ અને સમન્વય ધરાવે છે. આનંદીબેનના જન્મના દિનથી લઈ મુખ્યમંત્રી તરીકે નામ જાહેર થયું તે દિન સુધી '૨૧' નંબરનો જાદુઈ આંકડો તેમને હંમેશા ફળદાઈ અને શુકનિયાળ નિવડયો છે. પરિણામે તેઓ એક પછી એક સફળતાની સીડી પાર કરતા ગયા છે.

જોઈએ આ ૨૧ના આંકડાનો અનોખો સંગમ...

મૂળ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના પીંઢારપુરા ના વતની અને હાલ ગાંધીનગરમાં રહેતા તેમજ અન્ન નાગરિક પુરવઠા વિભાગના નિવૃત્ત મદદનીશ નિયામક વિરાભાઈ પટેલને આમ તો વર્ષોથી છાપા (વર્તમાનપત્ર) સાથે સીધો સંબંધ છે અને અનેક વખત રાજકીય અનુમાનો કરેલ છે જે સાચા પણ ઠર્યા છે ત્યારે રાજકીય વિશ્લેષણ તરીકે રાજયના નવા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ વિશે પણ રસપ્રદ વિશ્લેષણ રજુ કર્યું છે.

રાજયના ૧૫મા અને પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે આજે વિધિવત આનંદીબેન પટેલે વિજય મુર્હુતમાં શપથ ગ્રહણ કર્યા છે. નવનિયુકત મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો જન્મ તા. ૨૧મી નવેમ્બર ૧૯૪૧ના રોજ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ખરોડ ગામે થયો હતો તેમની જન્મની તારીખનો આંકડો ૨૧ થાય છે આનંદીબેનના લગ્ન મફતલાલ પટેલ સાથે તા. ૨૬-૫-૬૨ના રોજ થયા હતા. આ લગ્ન તારીખના તમામ અંકનો સરવાળો પણ '૨૧' થાય છે. (૨+૬+૫+૬+૨=૨૧) રાજય સરકાર અને ભાજપમાં વર્ષો સુધી સેવા આપનાર આનંદીબેનને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદનામિત કરવાની વિધિસર જાહેરાત મે માસની ૨૧મી તારીખે થઈ હતી. વ્યકિતઓની ગણતરી મુજબ આનંદીબેન પટેલ પંદરમાં મુખ્યમંત્રી છે પરંતુ મુખ્યમંત્રીશ્રીઓ માટેની સોગંદવિધિના જે સમારંભો થયા તેમાં આ '૨૧'મો સમારંભ છે.

આજે નવા મુખ્યમંત્રીની વરણી સાથે નવા રચાયેલા મંત્રીમંડળના સભ્યોની સંખ્યા પણ ૨૧ થાય છે. આનંદીબેનના આ જીવનકાળમાં આ '૨૧'નો ક્રમ '૨૧'નો જાદુઈ આંકડો હંમેશા શુકનિયાળ સાબિત થયો છે. હવે ૨૧નો આંકડો ભવિષ્યમાં કેટલો ફળદાયી નિવડશે તે જોવું રહ્યું.

ગાંધીનગરમાં કાળઝાળ ગરમી : પારો ૪૨ ડિગ્રી

ગરમીના ત્રીજા સ્પેલમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીએ પહોંચ્યા : હજુ થોડાક દિવસ હીટવેવની સંભાવના

ગાંધીનગર, તા. ૨૨

ઘણા દિવસો સુધી ગરમીમાં રાહત રહ્યા બાદ આકરી ગરમીનો ત્રીજો રાઉન્ડ શરૂ થયો છે. ત્રીજા સ્પેલમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીએ પહોંચતા ગાંધીનગરના વસાહતીઓ આકરી ગરમીમાં હેરાન પરેશાન થઈ ગયા છે.

કાળઝાળ ગરમીનો પુનઃ પ્રારંભ છેલ્લા બે-ત્રણ દિવસથી થઈ ગયો છે. ગયા બે અઠવાડિયાથી મહત્તમ તાપમાન થોડુક ઘટ્યું હતું. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહ્યુ હતુ. છેલ્લા બે દિવસથી ગરમી ધીમે ધીમે વધી રહી છે. આખો દિવસ ખુબ આકરો તડકો પડે છે. માથુ ફાડી નાંખે તેવી આકરી ગરમીના કારણે માર્ગોસાવ સુમસામ બન્યા છે. બપોરે તો એકલદોકલ વાહનો સિવાય ચકલુય ફરકતુ નથી. આકરી ગરમીની અસર મોડી સાંજ સુધી રહે છે. સૂર્યાસ્ત બાદ પણ જાણે લુ ફુંકાતી હોય તેવો અનુભવ થયા કરે છે. વસાહતીઓ ગરમીથી રાહત મેળવવા મોડી રાત સુધી જાહેર સ્થળો અને સર્કલો પર બેસી રહે છે. મોડી રાત સુધી જાહેરસ્થળો અને બાગ-બગીચાઓમાં ભીડ જોવા મળે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર હજુ બે-ત્રણ દિવસ જબરજસ્ત હીટવેવ રહેશે. મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીથી વધવાની સંભાવનાઓ છે. આજે મહત્તમ તાપમાન ૪૨.૦ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૮.૫ ડિ.સે. રહ્યું હતું. જ્યારે ભેજપનું પ્રમાણ સવારે ૬૦ટકા અને સાંજે ૧૭ ટકા રહ્યું હતું.

મુખ્યમંત્રીના શપથગ્રહણ સમારંભમાં ઉચ્ચ અધિકારીઓ અને આમંત્રિતો ધક્કે ચડ્યા

રાજયના મુખ્ય સચિવને અડધો કલાક ગેટની બહાર ઉભુ રહેવુ પડ્યુ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત રાજયના નવા મુખ્યમંત્રીનો શપથગ્રહણ સમારંભ આજે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે યોજાયો હતો. આ સમારંભમાં દેશભરમાંથી વિવિધ ક્ષેત્રના મહાનુભાવો આમંત્રિત કરાયા હતા. પરંતુ આ શપથગ્રહણ સમારંભ અસંખ્ય ઉચ્ચ અધિકારીઓ નેતાઓ અને આમંત્રિત મહાનુભાવોને લોકોએ ધક્કે ચડાયા હતા. તો કેટલાક આમંત્રિતો અને અધિકારીઓ ગેટ બંધ કરી દેવાતા અડધો અડધો કલાક બહાર રાહ જોવાનો વારો આવ્યો હતો. આ સંદર્ભે વ્યવસ્થા સંભાળતા ઉચ્ચ પોલીસ અધિકારીઓને આ ઘટનાની જાણ થતા તાબડતોડ દોડી આવ્યા હતા અને મુશ્કેલીમાં મુકાયેલા ઉચ્ચ અધિકારીઓ અને આમંત્રિતોને અંદર લઈ ગયા હતા. ભારે અવ્યવસ્થા સર્જાતા સુરક્ષા કર્મીઓના હાથ પગ ફુલી ગયા હતા.

એરપોર્ટ પર મીડિયાનો આભાર માની મોદીએ કહ્યું 'આવજો ગુજરાત'

વિદાય લેતા મોદીએ આનંદીબેનને પ્રગતિની લાલ પેન ભેટ આપી શુભેચ્છા પાઠવી

ગાંધીનગર, તા. ૨૨

છેલ્લા એક દાયકામાં ગુજરાતની -ગતિનો પથ કંડારી સી.એમ માંથી સીધા પી.એમ બનવા જતા નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતમાંથી વિદાય લેતા પૂર્વે અમદાવાદ એરપોર્ટ પર ેસ-મીડિયાનો આભાર માનીઆવજો ગુજરાત કહીને હર્ષભેર અને યાદગાર વિદાય લીધી હતી. એરપોર્ટ ઉપર પણ મોદીની વિદાય ટાણે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા.મોદીએ ગુજરાતમાંથી વિદાય લેતા પહેલા ગુજરાતના નવનિયુક્ત મુખ્યમંત્રી આનંદીબેન પટેલને પોતાની પાસે હર હંમેશ રહેતી વિકાસની મુક સાક્ષી બનેલી લાલ પેન ભેટમાં આપી હતી.

પી.એમ બનીને દિલ્હીની ગાદી સંભાળવા જતા નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતમાંથી વિદાય લીધી હતી. નવા મુખ્યમંત્રીના શપથવિધિ સમારોહમાં હાજરી આપ્યા બાદ માતા હીરાબાના આશીર્વાદ મેળવી મોદી દિલ્હીની ઉડાન ભરવા અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા હતા. આ વેળાએ ગુજરાતમાંથી ઉડાન ભરતા પહેલા તેમણે ેસ-મીડિયાના તંત્રીઓ, પત્રકારો, કટાર લેખકો સહીત તમામનો આભાર માન્યો હતો. મોદીને વિદાય આપવા અમદાવાદ વિમાની મથકે પહોંચેલા ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, રાજય મંત્રી મંડળના સભ્યો, -દેશ ભાજપના આગેવાનો, સનદી અધિકારીઓ અને પોલીસ અધિકારીઓએ પુષ્પગુચ્છ અર્પણ કર્યા હતા. આ તબક્કે મુખ્યમંત્રી આનાન્દીબેનની આંખો પણ ભીની થઇ ગઈ હતી. આ ઉપરાંત મુખ્યમંત્રી કાર્યાલયના અધિકારીઓ અને કર્મચારીઓ પણ ભાવુક બની ગયા હતા.

ગુજરાતમાંથી વિદાય લેતા પૂર્વે ભાવી પી.એમ મોદીએ પોતાની લાલ પેન નવનિયુક્ત મુખ્યમંત્રી આનંદીબેન પટેલને ભેટ સ્વરૂપે આપી હતી. આ તબક્કે મોદીએ તેમ પણ જણાવ્યું હતું કે આ પેનની મારે જરૂર નથી. તમે હવે ગુજરાતની -ગતિના શિખરો સર કરો તેવી શુભેચ્છા....

ઘ-૬ સર્કલ વચ્ચે આરૂઢ સરસ્વતી દેવીની પ્રતિમા ગાયબ થઈ

માર્ગ અને મકાન વિભાગ હાલ રાજકીય કાર્યક્રમોમાં જેથી પ્રતિમા અંગે સસ્પેન્સ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં શિક્ષણ સંકુલ તરીકે ઓળખાતા ઘ-૬ સર્કલ વચ્ચે આરૂઢ સરસ્વતી દેવીની પ્રતિમા છેલ્લા બે દિવસથી ગાયબ થઈ ગઈ છે. આ પ્રતિમા

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

તથા તે અંગેની જવાબદારી નિભાવતું તંત્ર હાલ રાજકીય કાર્યક્રમોમાં વ્યસ્ત હોવાથી પ્રતિમા બાબતે ચોકકસ જાણકારી પ્રાપ્ત થઈ નથી. પરંતુ પ્રતિમા અચાનક અદેશ્ય થઈ જવાથી લોકોમાં કુતુહલતા સાથે શંકા આશંકા પેદા થઈ છે.

વિદ્યાની દેવી મા સરસ્વતીની પ્રતિમા શહેરના અતિ વ્યસ્ત વિસ્તાર એવા ઘ-૬ સર્કલ વચ્ચે શોભાયમાન હતી તેમજ શિક્ષણ સંકુલો નજીક હોવાથી આ સર્કલ સરસ્વતી દેવીની પ્રતિમાથી ઝળહળતું હતું. દૈનિક અસંખ્ય વિદ્યાર્થીઓ અહીંથી પસાર થઈ દેવીના દર્શનની ઝલક મેળવી સર્વશ્રેષ્ઠ વિદ્યા પ્રાપ્ત કરવાના ઓરતા રાખતા હતા જેથી ઘ-૬ સર્કલ હર્યું ભર્યું લાગતું હતું.

શાળા-કોલેજોમાં વેકેશન હોવાથી સુનકાર ભાસતા ઘ-૬ સર્કલે અવરજવર નહીંવત બની ગઈ છે અને સર્કલ વચ્ચે આરૂઢ મા સરસ્વતીની પ્રતિમા ન દેખાતા લોકોમાં ચર્ચાઓ શરૂ થઈ હતી. છેલ્લા બે દિવસથી અચાનક જ સરસ્વતી માતાની પ્રતિમા ગાયબ થઈ ગઈ છે. માતાજીનું ઉપરનું છત્ર એમને એમ છે. પ્રતિમાના અભાવે સર્કલ ખાલી ખાલી અને ઉજાસ વગરનું લાગી રહ્યું છે.

જો કે આ અંગે માર્ગ અને મકાન વિભાગ જવાબદારી નિભાવતું હોઈ ત્યાં ટેલીફોનિક સંપર્ક કરી પૃચ્છા કરવાનો પ્રયાસ કર્યો હતો છતાં કોઈ જ જવાબ મળ્યો ન હતો. પરંતુ જાણવા મળ્યા મુજબ હાલ રાજકીય કાર્યક્રમો ચાલી રહ્યા હોવાથી તમામ કર્મચારીઓ વ્યસ્ત બન્યા છે. છતાં પણ આ અંગે સત્વરે જાણકારી પ્રાપ્ત કરી પ્રતિમા અંગેનું સસ્પેન્સ દુર કરી પ્રજાજનોની લાગણી અને માગણી માટે પ્રયત્ન થઈ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું આજે પરિણામ

જિલ્લાના ૫૪૦૦ જેટલા વિદ્યાર્થીઓનું ભાવી નક્કી થશે : ગુજકેટના ૨૧૧૬ વિદ્યાર્થીઓનું પણ આજે પરિણામ

ગાંધીનગર, તા. ૨૨

ગત માર્ચ મહિનામાં ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડ પરિક્ષા યોજવામાં આવી હતી. જયારે બે મહિનાના અંતે હવે બોર્ડ પરીક્ષાનું તબક્કાવાર પરિણામ જાહેર થશે. જેમાં -થમ આજે ધોરણ- ૧૨ વિજ્ઞાન -વાહનું પરિણામ જાહેર થશે. જિલ્લામાંથી અંદાજીત ૫૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨ વિજ્ઞાન -વાહમાં પરીક્ષા આપી હતી. આ ઉપરાંત મહિનાના -રંભે ગુજકેટ ની પરિક્ષા લેવામાં આવી હતી. ગાંધીનગરમાંથી ૨૧૪૪ વિદ્યાર્થીઓ પૈકી ૨૧૧૬ વિદ્યાર્થીઓએ ગુજકેટની પરિક્ષા આપી હતી. બોર્ડ પરિક્ષા દરમ્યાન કોઈ પણ -કારની ગેરરીતીનો કિસ્સો નોંધાયો ન હતો. શુકવારે પરિણામ જાહેર થવાનું હોવાથી વિદ્યાર્થી અને વાલીઓમાં પણ પરિણામલક્ષી ઉત્તેજના વધુ -બળ બની છે.

માર્ચ મહિના માં ધો.૧૦-૧૨ ની બોર્ડ પરિક્ષા સંપન્ન થઇ હતી. ત્યાર બાદ ધો.૧૧ સેમેસ્ટર-૨ ની પરિક્ષા પણ પૂર્ણ થતા બોર્ડના પરીક્ષાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. -થમિક અને માધ્યમિક તમામ ધોરણોની પરિક્ષા ના અંતે ઉનાળુ વેકેશન નો રંગ જામ્યો હતો. મહિનાના -રંભે મેડીકલ ક્ષેત્રે આગળ અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને અનુલક્ષી ગુજકેટની પરિક્ષા લેવામાં આવી હતી. તબક્કાવાર બોર્ડની પરીક્ષા પૂર્ણ થયા બાદ હવે લાંબા સમયના અંતે તબક્કાવાર પરિણામો જાહેર થશે. ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહિનામાં લેવાયેલી ધો-૧૨ વિજ્ઞાન -વાહની પરીક્ષાનું તા-૨૩ મે ના રોજ પરિણામ જાહેર થશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૫૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ધો-૧૨ ની પરીક્ષા આપી હતી. શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૨ વિજ્ઞાન -વાહ અને ગુજકેટ નું આજે પરિણામ જાહેર થવાનું હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉત્સુકતાનો અંત આવી ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે બોર્ડની પરીક્ષા દરમિયાન જિલ્લામાં ગેરરીતીનો એકપણ કિસ્સો નોંધાયો ન હતો. જીલ્લાના ૫૪૦૦ જેટલા વિદ્યાર્થીઓનું ભાવી નક્કી થવાનું છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામની ઉત્તેજના વધુ -બળ બની છે.

મુખ્યમંત્રી આનંદીબેનને જ્યોતિ મહિલા મંડળે શુભેચ્છા પાઠવી

ગાંધીનગરની જ્યોતિ મહિલા મંડળ દ્વારા ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બનનાર આનંદીબેન પટેલને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. જ્યોતિ મહિલા મંડળની બહેનોએ અત્યત ખુશીની લાગણી વ્યક્ત કરતા મુખ્યમંત્રી આનંદીબેનને નવો પદભાર સફળતાપૂર્વક સંભાળી દરેક ક્ષેત્રમાં સફળતાના નવા વિક્રમો સ્થાપે તેવી શુભેચ્છાઓ પાઠવી છે.

સે. ૨૧ની પરણિત યુવતિએ મોતને વ્હાલુ કરવા એસિડ ગટગટાવ્યુ

ગાંધીનગર, તા. ૨૨

શહેરના સેક્ટર-૨૧માં એક યુવતિએ અજાણ્યા કારણોસર પોતાના ઘરમાં એસિડ ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો છે. યુવતિના પતિને જાણ થતા બેભાન અવસ્થામાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે લાવવામાં આવી હતી. સિવિલના તબીબો સારવાર કરી રહ્યા છે.

મળતી માહિતી મુજબ સેક્ટર-૨૧ના બ્લોક નં. ૭/૪ છ-ટાઈપમાં રહેતા અભેસિંહ સરદારસિંહ ચૌહાણની પત્ની સંતોષબેન ઉં.વ. ૩૦ આજે સવારે ઘરમાં એકલા હતા ત્યારે અજાણ્યા કારણોસર એસિડ ગટગટાવી ગયા હતા. પોતાની પત્નિએ એસિડ ગટગટાવ્યાની જાણ પતિને થતા પતિએ પત્નિને રીક્ષામાં લઈ સારવાર માટે સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે લાવવામાં આવી હતી. જ્યાં સિવિલના તબીબો દ્વારા સારવાર હાથ ધરવામાં આવી છે. હાલ સ્થિતિ ગંભીર જણાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે આ યુગલના લગ્ન પાંચ વર્ષ અગાઉ થયા છે. આ ઘટનાની તપાસ ડીવાયએસપી ચલાવી રહ્યા છે.

અખિલ ભારતીય સંઘ શ્રદ્ધાંજલિ અર્પણ કરશે

ગાંધીનગર, તા. ૨૨

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્યસંઘ ગાંધીનગર શાખના પૂર્વ પ્રમુખ સ્વ. નીલમબેન કામદારની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે તા. ૨૪ મે, શનિવાર બપોરે ૪.૦૦ કલાકે સેક્ટર-૧૨માં આવેલ વ્યવસાયી મહિલા છાત્રાલયના હોલમાં શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. ભજન-કિર્તન કરવામાં આવશે. સંઘની સર્વે બહેનોએ શ્રદ્ધાંજલિ અર્પવા ઉપસ્થિત રહેવા શાખા પ્રમુખ શર્મિષ્ઠાબેન દવેએ જણાવ્યું છે.

ફિલ્મ સ્ટાર વિવેક ઓબેરોયની હાજરી આકર્ષણનું કેન્દ્ર બની

ગુજરાતના -થમ મહિલા મુખ્યમંત્રી તરીકે આજે આનંદીબેન પટેલે શપથ લીધા ત્યારે મહાત્મા મંદિરનો હોલ ભાજપના વરિષ્ઠ નેતાઓ, સાંસદો, ધારાસભ્યો અને કાર્યકરોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. દેશના ભાવી પી.એમ થી લઈ અન્ય રાજયોના મુખ્યમંત્રીઓ અને ભાજપના વરિષ્ઠ નેતાઓએ આ સમારોહમાં હાજરી આપી હતી. જયારે આ નેતાઓની ભીડ વચ્ચે ફિલ્મ સ્ટાર વિવેક ઓબેરોયની હાજરીએ પણ સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતી. ગ્રીન કલરની કોટીમાં સજ્જ વિવેક મંચ પર પાછળની હરોળમાં બેઠા હતા. ભાજપના કાર્યકરો માટે પણ વિવેકની હાજરી આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૦૬

તાપમાન

મહત્તમ : ૪૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૧૭ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
સ્પાઈડરમેન-૨ (૩ડી-અંગ્રેજી) : ૧૨.૦૦
ગોડજીલા (૩-ડી અંગ્રેજી):૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
મીલીઓન ડૉલર આર્મ : ૫.૧૫
: સ્ક્રીન-૨ :
ધ એક્સપોઝ : ૧૦.૦૦
એમ-૩ ૧૨.૩૦
હવાહવાઈ : ૩.૩૦
ચિલ્ડ્રન ઓફ વોર : ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
ધ એક્સપોઝ : ૧.૦૦, ૩.૩૦, ૮.૦૦, ૧૦.૧૫
માઈટી રાજુ રીઓ કોલીંગ : ૬.૦૦
: સ્ક્રીન-૪ :
હવાહવાઈ : ૩.૩૦
ચિલ્ડ્રન ઓફ વોર : ૬.૩૦
ધ એક્સપોઝ : ૧૦.૧૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ગોડજીલા(૩-ડી, હિન્દી) : ૧૦.૪૫,૧.૪૦,૪.૩૫,૭.૩૦,૧૦.૨૫
: સ્ક્રીન-૨ :
ગોડજીલા-૩ ૩ડી (હિન્દી):૯.૪૫,૨.૪૫,૪.૦૦,૭.૦૦,૧૦.૧૫
સ્પાઈડરમેન-૨ (૩-ડી) : ૧૨.૪૫
: સ્ક્રીન-૩ :
ધ એક્સપોઝ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૮.૦૫, ૧૦.૩૫
હવાહવાઈ: ૫.૩૦
: સ્ક્રીન-૪ :
માઈટી રાજુ રીઓ કોલીંગ : ૯.૦૦, ૨.૧૫, ૭.૩૦
ધ ચિલ્ડ્રન ઓફ વોર (હિન્દી) : ૧૧.૧૫, ૪.૩૦, ૯.૪૫

સૂર્યા સિનેમા (વાવોલ)

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હીરોપંતી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
કૌચદયાન : ૭.૦૦
: સ્ક્રીન-૨ :
ગોડજીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫,૧૦.૧૫
કૌચદયાન : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
કૌચદયાન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
હીરોપંતી : ૭.૩૦

આપની આજ

મેષ : આત્મવિશ્વાસથી કાર્ય કરવું. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રે ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : વિવાદોથી બચવું. સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

કન્યા : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

ધન : મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. નિષ્ઠાથી કાર્ય કરો. સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

મકર : સહયોગ અને સારા સંબંધોને કારણે લાભને ઉન્નતિનો માર્ગ મોકળો થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે.

કુંભ : સંગીતક્ષેત્રમાં રૂચિ વધશે. ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વિશેષ કાર્ય માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિધ્ધ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

મીન : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

ચિરવિદાય

- સ્વ. વિશાખાબેન અશ્વિનભાઈ દવે (ઉ.વ. ૫૪) પ્લોટ નં. ૭૦૭, વાસ્તુનિર્માણ સોસાયટી, , સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. મનોજકુમાર મુળચંદદાસ વાળંદ (ઉ.વ. ૬૨) પ્લોટ નં. ૧૨૪૯/૨, સેકટર-૩/એ, ગાંધીનગર.